**<u>મે. હારીજના સિવીલ જજ અને જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,</u>**

**<u>મુકામ– હારીજ.</u>**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૨૯/૦૬/૨૦૨૬ |
| ફોજદારી કેસ નંબર | ૨૬૪/૨૦૨૫ |
| આંક | ૨૯ |
| ગુન્હાની કલમ | ધી પ્રોહી એક્ટ કલમ– ૬૫ (એફ) મુજબ. |
| ફરિયાદી | શ્રી સરકાર (હારીજ પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર ૧૧૨૧૭૦૦૯૨૫૦૨૧૨/૨૦૨૫). |
| ફરીયાદી તરફે વિ..એ.પી.પી.શ્રી | વી.સી.ચૌહાણ. |
| આરોપી | જગદીશભાઈ અમરતભાઈ રાવળ, ઉંમર વર્ષ ૩૨,<br>રહેવાસી –અડીયા,<br>તાલુકો હારીજ, જિલ્લો પાટણ. |
| આરોપી તરફે વિ.વ. શ્રી | આર.એલ.પરમાર. |

| | |
|---|---|
| ફરિયાદ દાખલ તારીખ | ૨૦/૦૩/૨૦૨૫ |
| ચાર્જશીટ દાખલ તારીખ | ૦૮/૦૪/૨૦૨૫ |
| આરોપીના જવાબ ની તારીખ | ૦૭/૦૫/૨૦૨૫ |
| પુરાવો શરુ થયાની તારીખ | ૦૯/૦૬/૨૦૨૫ |
| હુકમ માટે રાખ્યાની તારીખ | ૨૯/૦૬/૨૦૨૬ |

| | |
|---|---|
| ચુકાદા ની તારીખ | ૨૯/૦૬/૨૦૨૬ |
| સજા કર્યાની તારીખ | નિર્દોષ. |

**આરોપીની માહિતી –**

| **અનુ. નં.** | **આરોપીનું નામ** | **ધરપકડ ની તારીખ** | **જામીનમુક્તિ તારીખ** | **તહોમત** | **શું નિર્દોષ છોડ્યું/ સજા કરી** | **સુનાવણી દરમિયાન અટકાયત નો સમય ગાળો ફોજદારી કાર્યરીતી સંહિતા ની કલમ ૪૨૮ મુજબ.** |
|---|---|---|---|---|---|---|
| ૦૧ | જગદીશભાઇ અમરતભાઇ રાવળ, ઉંમર વર્ષ ૩૨, રહેવાસી – અડીયા, તાલુકો હારીજ, જિલ્લો પાટણ | – | | ધી પ્રોહી એક્ટ કલમ– ૬૫ (એફ) મુજબ. | – | – |

**ફરીયાદી /બચાવ / ન્યાયાલયના સાક્ષી ની યાદી :–**

(અ). ફરિયાદ પક્ષ :–

| અનુક્રમ નંબર | આંક નંબર | નામ | વિગત |
|---|---|---|---|
| ૧ | ૦૬ | સંજયજી ચંદુજીની જુબાની. | ફરીયાદી |
| ૨ | ૧૨ | જુગાજી બાબુજી ઠાકોરની જુબાની. | પંચ સાહેદ. |

| | | | |
|---|---|---|---|
| ૩ | ૧૮ | નરેશજી બાબુજી ઠાકોરની જુબાની. | ફરીયાદી. |
| ૪ | ૨૨ | અરવિંદજી લીલાજીની જુબાની. | ત.ક.અ. |

**(અ) ફરિયાદ પક્ષે દસ્તાવેજી પુરાવા :-**

| અનુક્રમ નંબર | આંક નંબર | વિગતો |
|---|---|---|
| ૦૧ | ૦૭ | ગુનાની ફરિયાદ. |
| ૦૨ | ૧૩ | ગુના વાળી જગ્યાનું પંચનામું. |
| ૦૩ | ૨૬ | ઈ-સાક્ષ્ય સર્ટીફીકેટ. |
| ૦૪ | ૨૭ | ડેપ્યુટ હુકમ. |
| ૦૫ | ૨૮ | રવાનગી નોંધ. |

**ફરીયાદી /બચાવ /ન્યાયાલય ના સાક્ષી ની યાદી :-**

**(બ) બચાવ પક્ષ :-**

| અનુક્રમ નંબર | આંક નંબર | નામ | વિગત |
|---|---|---|---|
| | | | |

**(બ) બચાવ પક્ષે દસ્તાવેજી પુરાવા :-**

| અનુક્રમ નંબર | આંક નંબર | વિગતો |
|---|---|---|
| | | |

**/ જજમેન્ટ /**

**(૧).** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તારીખ ૨૦/૦૩/૨૦૨૫ ના રોજ કલાક ૧૮/૧૫ વાગ્યે પોતાના કબજામા ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે દેશી દારુ ગાળવાનો વોશ લિટર-૪૦, કિં.રુ.૧૦૦૦/- નો મુદ્દામાલ રાખી, આ કામના આરોપીએ પ્રોહીબીશન એકટની કલમ ૬૫ (એફ) મુજબનો ગુનો કરેલ છે જે બાબતની

ફરિયાદ ફરિયાદીએ હારીજ પો.સ્ટે. માં ગુના રજીસ્ટર નં. ૧૧૨૧૭૦૦૯ ૨૫૦૨૧૨/૨૦૨૫ થી જાહેર કરેલ છે. ત્યાર બાદ તપાસના અંતે તપાસ કરનાર અધિકારીએ આંક– ૦૧ મુજબનું ચાર્જશીટ મહેરબાન જયુડી.મેજી.ફ.ક. કોર્ટ હારીજમાં દાખલ કરેલ જે ચાર્જશીટ રજીસ્ટરે લીધા બાદ અત્રેની કોર્ટમાં સદરહું કેસ કાયદેસરની કાર્યવાહી માટે આવેલ છે.

(૨). માનનીય નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા R/ Criminal Misc. Application No. 8892/2018 ના ચુકાદામાં પેરા નં. ૧૦ માં એવું ઠરાવવામાં આવેલ છે કે, "The result of above discussion is that (01) by repeal of section 115, the Magistrate is not denuded of his jurisdiction to try the case " ને ધ્યાને રાખી આરોપી વિરુધ્ધ આક્ષેપિત ગુના સબંધિત ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ છે. ચાર્જશીટ બાદ આરોપીને નિયમોનુસાર સમન્સની બજવણી કરતાં, આરોપી અદાલતમાં હાજર થયેલ છે. આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ મુજબ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડેલ છે અને ગુના વિશે સમજ કરી આંક–૦૩ થી આરોપી વિરુધ્ધ તહોમતનામું ફરમાવેલ છે અને આંક – ૦૪ થી આરોપીની પ્લી નોંધતા આરોપી ધ્વારા ગુનો કર્યાનો ઈન્કાર કરેલ છે.

(૩). આ કામમાં ફરિયાદપક્ષ તરફથી ઉપરોકત મુજબના પુરાવા રજુ થયેલ છે.

(૪). બી.એન.એસ.એસ. ની કલમ– ૩૫૧ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં તેઓએ ફરીયાદ પક્ષના કેસની મહત્વની તમામ હકિકતોનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં તેમની સામે ખોટો કેસ કરેલાનું જણાવે છે. ત્યાર બંન્ને પક્ષકારોની દલીલો સાંભળી.

(૫). આ કેસના નિર્ણય માટે તેમની સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

મુદ્દા નં. ૦૧. શું ફરિયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તારીખ ૨૦/૦૩/૨૦૨૫ ના રોજ કલાક ૧૮/૧૫ વાગ્યે પોતાના કબજામા ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે દેશી દારુ ગાળવાનો વોશ લિટર-૪૦, કિં.રુ.૧૦૦૦/- નો મુદ્દામાલ રાખી, નો મુદ્દામાલ રાખી, આ કામના આરોપીએ પ્રોહીબીશન એકટની કલમ- ૬૫ (એફ) મુજબનો ગુનો કરેલ છે ?

મુદ્દા નં. ૦૨

શું હુકમ ?

(૬). ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે.

મુદ્દા નં. ૦૧ નકારાત્મક.

મુદ્દા નં. ૦૨ આખરી હુકમ મુજબ.

મુદ્દા નં. ૦૧ અને ૦૨ માટેના મારા નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે :-

(૭). ફરિયાદ પક્ષ તરફે આંક-૧૩ થી પંચ સાહેદ જુગાજી બાબુજી ઠાકોર નાઓને તથા આંક-૧૮ થી પંચ સાહેદ નરેશજી બાબુજી ઠાકોર નાઓને તપાસવામાં આવેલ છે. સદરહું પંચ સાહેદો તેમની સરતપાસમાં એવું જણાવેલ છે કે તૈયાર પંચનામામાં સહી કરેલ હોવાનું અને પંચનામું વાંચેલ નહી હોવાનું જણાવેલ છે. વિધ્વાન એ.પી.પી.શ્રી. ની વિનંતી થી સદરહું પંચ સાહેદોને ફરી ગયેલા/ હોસ્ટાઈલ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ હોવા છતા તેમના પ્રશ્નોથી ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નિ:શંકપણે સાબિત થયેલ માની શકાય નહી. આમ, પોલીસની કાર્યવાહીને પંચોની જુબાનીથી સમર્થન પ્રાપ્ત થતુ નથી. આમ, ફરિયાદ પક્ષ ગુન્હાવાળી જગ્યાનું પંચનામું પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૮). ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવાનુ મુલ્યાંકન કરતા ફરિયાદપક્ષના કેસના

અનુસાર જે પણ સાહેદોની હાજરીમાં દારૂ ગાળવાનો વોશ કબજે કેરલ હોવાનું કથન થયેલ છે તે પંચસાહેદ ઉપરોકત ચર્ચા કરી તેમ મુજબ આંક–૧૩ થી રજુ પંચનામાની વિગતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. ત્યારે પંચનામાની વિગતો અનુસાર ગુનો બનેલ હોવાનું શંકાસ્પદ બની જાય છે. તથા આંક – ૦૬ થી ફરીયાદી સંજયજી ચંદુજી નાઓને તથા આંક–૨૫ થી ત.ક.અ. અરવિંદજી લીલાજી નાઓ પોલીસ સાહેદ તપાસેલ છે અને તેમને આરોપી વિરુધ્ધ ફરિયાદ આપેલી અને ત.ક.અમલદારે તપાસ કરી નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. પરંતુ, તે પોતાની ઉલટતપાસમાં એ વાત કબુલ રાખેલ છે કે, કહેવાતા બનાવ વાળી જગ્યાની આજુબાજુ ખેતરો આવેલા છે, બનાવ વાળી જગયાની માલીકી બાબતે કોઇ આધાર પુરાવો તપાસના કામે મેળવેલ નહી, આ કામે તેઓએ કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલા નથી. જેથી બનાવની હકિકતો શંકાસ્પદ બની જાય છે. ફોજદારી ન્યાય પ્રણાલી મુજબ ફરિયાદપક્ષના કેસમાં શંકા ઉપસ્થિત થાય તો શંકાનો લાભ આરોપીઓને મળે છે. આ કામે રજુ થયેલ પંચનામાની વિગત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે <u>સતીશ મહેરા વિરુધ્ધ એડમીનીસ્ટેશન ૧૯૯૬ (વોલ–૩) ક્રાઇમ્સ સુપ્રિમ કોર્ટના પાના નં. ૮૫</u> ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ જયારે ફરિયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા ઉપર થી અન્ય પુરાવો નોંધવો યોગ્ય અને જરૂરી નાં જણાતું હોઈ તો તેવા સંજોગોમાં અદાલતનો કીમતી સમય વેડફવો જોઈએ નહી.

(૯). ક્રિમીનલ કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ આરોપી વિરુધ્ધ મુકવામાં આવેલ આક્ષેપો ફરીયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરવા જોઈએ પરંતુ આ કેસમાં ફરિયાદ પક્ષ તેમ કરવામાં સફળ થયેલ ના હોઈ આરોપીને તકસીરવાન ઠરાવવા યોગ્ય જણાતું નથી. આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ આરોપીને તેમના વિરુધ્ધ મુકવામાં આવેલ તહોમતમાંથી છોડી મુકવા યોગ્ય અને ન્યાયિક જણાય છે. જેથી મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપું છું. મુદ્દા નં. ૨ અન્વયે છેવટનો હુકમ નિચેની વિગતે કરું છું.

## – // આખરી હુકમ //–

➔ બી.એન.એસ.એસ.ની કલમ– ૨૭૧ (૧) અન્વયે આરોપી નામે જગદીશભાઇ અમરતભાઇ રાવળ, રહેવાસી –અડીયા, તાલુકો હારીજ, જિલ્લો પાટણ વાળા નાઓને ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ– ૬૫(એફ) મુજબના શિક્ષા પાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

➔ આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ દારૂનો અપીલ સમય બાદ નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

➔ આરોપીએ બી.એન.એસ.એસ. ની કલમ– ૪૮૧ મુજબના રૂ.૫,૦૦૦/– ના અપીલ જામીન આપવા.

હુકમ આજ તારીખ ૨૯ મી, માહે–જુન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૨૯/૦૬/૨૦૨૬ (મિતલબેન દિલીપસિંહ જાદવ)
સ્થળ– હારીજ જ્યુડી.મેજી. ફ.ક. હારીજ,
કોડ નં. જી.જે.૦૧૭૪૬

એલ કે પરમાર, સ્ટેનો